ગાંધીનગર સમાચાર


# ધાનેરાના રમુણા ગામે ૨૮ દિવસથી દૂધ ડેરી બંધ રહેતા ગ્રામજનો મુશ્કેલીમાં

ધાનેરા, તા. ૧

ધાનેરાના રમુણા ગામે દૂધ મંડળીમાં દૂધ ભરાવવા બાબતે ઝઘડો થતાં એક મહીનો થવા છતાં ડેરી બંધ રહેતા ૨૫૦ જેટલા ગ્રાહકોને રોજનું ૧૨૦૦૦ લીટર દૂધ ઘરે રાખવાના દિવસો આવ્યા છે અને કેટલાક લોકો જે દૂધના પગાર ઉપર નિર્ભર હતા તેમને તો ખાવાના અને પશુઓને ખવડાવવાના પણ ફાફા પડી ગયા છે. આ બાબતે બનાસડેરીના ચેરમેનને પણ વારંવાર રજૂઆતો કરવા છતાં આ ડેરી ચાલુ કરવામાં ન આવતા લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

ધાનેરાના રમુણા ગામે રહેતા લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે અને આ વખતે વરસાદી પુર આવતાં ખેતીનો સંપૂર્ણ પાક નિષ્ફળ જવા પામ્યો છે જેથી ખેડૂતોના હાલ બેહાલ બન્યા છે. ત્યારે લોકોને દૂધ ભરાવીને પણ પોતાનું ગુજરાન ચલાવવાના દિવસો આવ્યા છે ત્યારે રમુણા ગામની દૂધ ડેરી પણ તે જ દિવસથી બંધ રાખવામાં આવતા ખેડૂતોની હાલત કફોડી બની જવા પામી છે. રમુણા ગામે દૂધ ડેરીમાં ૨૫૦ દૂધ ગ્રાહકો દૂધ ભરાવતા હતા અને રોજનું ૧૨૦૦૦ લીટર દૂધ ડેરીમાં આવતું હતું. પરંતુ આ ડેરીમાં નજીવી બાબતે ઝઘડો થતાં ૨૭ જુલાઈથી દૂધ ડેરી બંધ રહેતા પશુપાલકોને આ ૧૨૦૦૦ લીટર દૂધ ઘરે રાખવું પડી રહ્યું છે અને કેટલાક લોકોના ઘર પણ આ દૂધ ઉપર ચાલતા હતા તેવા લોકોને ખાવાના અને પશુઓને ખવડાવવાના ફાંફા થઈ જવા પામ્યા છે. આ અંગે ગ્રામજન એવા સજાભાઈ પટેલે જણાવેલ કે ગામમાં દૂધ ડેરી ૨૭ જુલાઈથી બંધ છે અને જેના કારણે લોકોને ભારે હાડમારી વેઠવી પડે છે. જે લોકો પાસે વાહનો છે તે લોકો તો ધાનેરા જઈને પોતાના દૂધનું વેચાણ કરી આવે છે પરંતુ જે લોકો પાસે વાહન નથી અને જેનો ઘર વ્યવહાર જ દૂધ ઉપર હતો તેવા લોકોની હાલત ખરાબ છે. આ બાબતે અમા રમુણા કેન્દ્રીય ગૃહ પ્રધાન હરીભાઈ ચૌધરી આવ્યા ત્યારે પણ રજૂઆતો કરી હતી પરંતુ આજદિન સુધી કોઈ પરીણામ આવ્યું નથી. એક તરફ કુદરતે હેરાન કર્યા તયારે બીજી તરફ દૂધ ડેરીના મંત્રી હેરાન કરી રહ્યા છે.

આ અંગે રમુણા દૂધ ડેરીના મંત્રી ચેલાભાઈ પટેલ સાથે ટેલીફોનિક વાતચીતમાં જણાવેલ કે દૂધ ડેરીમાં ઝઘડા થવાના કારણે ડેરી બંધ કરાઈ છે અને આ બાબતેની ફરીયાદ પણ ધાનેરા પોલીસ મથકે નોંધાયેલ છે. જો ડેરી ચાલુ કરીએ તો પણ લોકો મોટો ઝઘડો કરે તેમ છે.

ડેરી ચાલુ ન કરવા પાછળ જે મોટુ રહસ્ય છે તે રમુણા ડેરી મંત્રી દ્વારા ચાલુ ન કરવા પાછળ પણ મોટું રહસ્ય હોવાનું જાણવા મળી રહ્યું છે. આ ડેરીમાં નાણાંનો મામલો બહાર આવે તેવી શક્યતાઓ પણ જોવા મળી રહી છે. હવે બનાસડેરીના ચેરમેન આ ડેરી ક્યારે ચાલુ કરાવે છે તેના ઉપર સમગ્ર ગ્રામજનોની નજર છે.



## મોડાસાના સાંઈ મંદિરે ત્રીજા શ્રાવણીયા સોમવારે ચોકલેટના હિંડોળા

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા સાંઈ મંદિરમાં શ્રાવણ માસના પ્રત્યેક સોમવારે હિંડોળાનું આયોજન કરવામાં આવે છે. શ્રાવણના પ્રથમ અને બિજા સોમવારે અનુક્રમે ફૂલોના અને શાકભાજીના હિંડોળા કર્યા હતા. ત્રીજો સોમવારે ૩૧-૮-૨૦૧૫ના રોજ ચોકલેટના હિંડોળા ભરવામાં આવ્યા હતા. જેનો મોડાસાની ધર્મપ્રેમી ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો. સાંઈભક્ત મુકેશભાઈના જણાવ્યા અનુસાર આગામી સોમવાર શ્રાવણ માસનો અંતિમ સોમવાર હોવાથી દર વર્ષની જેમ ચાલુ વર્ષે કૈલાશ પર્વત પર બિરાજમાન બાબા અમરનાથના આબેહૂબ અમરનાથ ભગવાનના બરફનું શિવલીંગ બનાવવામાં આવશે તેમજ અન્ય પ્રદર્શનનો કાર્યક્રમ રાખેલ છે. તો મોડાસાની ધર્મપ્રેમી જનતાને દર્શન કરવા આમંત્રણ છે. (તસવીર : જય અમીન, મોડાસા)

# ગઢડા શામળાજીમાં જન્માષ્ટમીનો મેળો

ખેડબ્રહ્મા, તા. ૧

ખેડબ્રહ્માના રાધાકૃષ્ણ મંદિર-સ્વામીનારાયણ મંદિર તથા ગઢડાના શામળાજી મંદિરમાં ૫ સપ્ટે.ના રોજ કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરાશે અને તે માટેની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે. ગઢડા શામળાજીમાં જન્માષ્ટમી નિમિત્તે મેળો ભરાશે. આ પ્રસંગે મંદિરોને આસોપાલવ, ફૂલહાર તથા લાઈટીંગથી શણગારાશે. ભગવાનની મહા પૂજા, અભિષેક તથા આરતીનું આયોજન કરવામાં આવ્યું છે. રાધાકૃષ્ણ મંદિરમાં ભગવાનની મહાપૂજાના યજમાન તરીકે પટેલ નાથીબેન નરેશભાઈ તથા ધજા આરોહણના યજમાન તરીકે પટેલ કનુભાઈ ડાહ્યાભાઈ ધર્મલાભ લેશે. કૃષ્ણ જન્મોત્સવ પ્રસંગે ભજન સત્સંગ, ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ભગવાનને પ્રિય પંજરીનો પ્રસાદ ભાવિક ભક્તોને વહેંચવામાં આવશે. ગઢડા શામળાજી ટ્રસ્ટ પૃથ્વી યુવક મંડળ ગણેશ યુવક મંડળ તથા દૂધલી યુવક મંડળ દ્વારા રાસ ગરબા તથા મટકીફોડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જન્માષ્ટમી નિમિત્તે યોજાતા મેળામાં હજારો લોકો મેળો માળવા તથા શામળીયા ભગવાનના દર્શનાર્થે ઉમટી પડશે. એજ રીતે ખેડબ્રહ્માના સ્વામી નારાયણ મંદિરમાં પણ કૃષ્ણ જન્મોત્સવ ઉજવવામાં આવશે. (રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)



# જાજકંપાની સીમમાંથી કતલખાને લઈ જવાતા ૭ ગાય-વાછરડા બચાવાયા : બે આરોપીની ધરપકડ

મોડાસા, તા. ૧

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ઈસરી પોલીસે બાતમીના આધારે જાજકંપા રોડ પર પોલીસે વોચ ગોઠવતા રાજસ્થાન તરફથી આવી રહેલ પીકઅપ ડાલાની તલાસી લેતા ડાલામાં ભરીને કતલખાને લઈ જવાતા ૭ ગાય વાછરડાને બચાવી લઈ બે આરોપીઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

મેઘરજ તાલુકાના ઈસરી પોલીસ સ્ટેશનના પોલીસ જવાનો નાઈટ પેટ્રોલીંગ કરી રહ્યા હતા ત્યારે બાતમીના આધારે જાજકંપા નજીક રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકિંગ હાથ ધરતાં રાજસ્થાન તરફથી આવી રહેલું પીકઅપ ડાલુ (ગાડી નં. જીજેપએવી-૧૫૦૮) પૂરઝડપે ગફલતભરી રીતે હંકારી રહ્યા હતા ત્યારે અટકાવી તલાશી લેતા તેમાંથી ગેરકાયદેસર કતલખાને લઈ જવાતા ૭ ગાય-વાંછરડા અતિ દયનીય હાલતમાં મળી આવ્યા હતા. ઈસરી પોલીસે ૭ નંગ ગાય-વાંછરડા કિંમત રૂ. ૧૫ હજાર અને મહિન્દ્રા પીક અપ ડાલુ કિંમત રૂ. ૪ લાખ મળી કુલ ૪ લાખ ૧૫ હજારનો મુદામાલ જપ્ત કરી ગુજરાત રાજ્યમાંથી ગેરકાયદેસર વગર પાસ પરમીટના પશુઓ ઘુસાડવાના ગુન્હામાં ઈનીયાજ હસનભાઈ મુલતાની, ફરીદગુલામ મુલતાની (બન્ને. રહે. રાણાસૈયદ, તા. મોડાસા)ની ધરપકડ કરી અન્ય એક આરોપી કનુભાઈ જીવાભાઈ ડામોર (રહે. મેરીયાવાડા, તા. મેઘરજ) મદદગારી કરવાના ગુન્હામાં ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



(તસવીર : મુકેશ ડામોર, ઈસરી)

# બનાસકાંઠામાં ઈન્ટરનેટ સેવા શરૂ

પાલનપુર, તા. ૧

ગુજરાતમાં પાટીદાર સમાજના અનામત આંદોલનના કારણે સમગ્ર રાજ્યમાં થયેલા તોફાનો સંદર્ભે અફવાઓ ન ફેલાય તે હેતુથી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીના જાહેરનામાથી તા. ૨૬-૮-૨૦૧૫થી ફોજદારી કાર્યરીતિ અનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે સમગ્ર જિલ્લામાં વોટસએપ, ટ્વીટર, ફેસબુક જેવી તમામ પ્રકારની ઈન્ટરનેટ સેવાઓ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. પરંતુ હાલની પરિસ્થિતિ ધ્યાને લઈ બનાસકાંઠા જિલ્લામાંથી ઉપર મુજબનો તમામ પ્રકારનો પ્રતિબંધ હટાવી લેવા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દિલીપ રાણા દ્વારા હૂકમ કરવામાં આવ્યો છે.

# આશાબેન પટેલે ધાનેરા પાલિકા પ્રમુખનો ચાર્જ સંભાળતા પ્રજામાં આનંદની લાગણી

ધાનેરા, તા. ૧

ધાનેરા નગરપાલિકામાં એક જ વર્ષમાં ચાર ચાર પ્રમુખો બદલાતાં ધાનેરાનો વિકાસ રુંધાઈ જવા પામ્યો હતો અને જ્યાં દેખો ત્યાં ગંદકી અને તુટેલા રસ્તાોથી લોકો ત્રાહીમામ પોકારી ગયા હતા. પરંતુ હવે આશાબેન પટેલે પ્રમુખનો ચાર્જ સંભાળતાં લોકોને હવે ધાનેરાનો વિકાસ થશે તેવી આશા બંધાઈ છે.

નગરપાલિકામાં એક વર્ષમાં અવિશ્વાસની દરખાસ્ત પછી ધાનેરામાં વિકાસ રુંધાયો હતો અને રાજકીય કાવાદાવા શરૂ થતાં લોકોને ભારે મુશ્કેલી ભોગવવાનો વારો આવ્યો હતો. છેલ્લા એક વર્ષમાં પાંચ - પાંચ પ્રમુખો બદલાયા છે. બળવંતજી રાવ સામે અવિશ્વાસ પસાર થતાં પિનાબેન પટેલ પ્રમુખ બન્યા હતા અને ફરી પ્રમુખની ચૂંટણી થતાં નરસિંહજી રાજપુત પ્રમુખ તરીકે આવેલ અને તે પણ પક્ષાતરધારા હેઠળ સસ્પેન્ડ થતાં કાર્યકારી પ્રમુખ તરીકે જગદીશભાઈ ઠક્કરને બેસાડવામાં આવ્યા અને તેના જ ૨૪ દિવસ બાદ ફરી ચૂંટણી થતાં આશાબેન પટેલને પ્રમુખનો તાજ પહેરાવવામાં આવેલ. આમ પ્રમુખો બદલવાના સિલસિલાને લઈને ધાનેરાનો વિકાસ અટકી જવા પામ્યો હતો અને પાણીના પુરમાં પણ આ પાલિકા નધણીયાતી બની જવા પામી હતી. જેને કારણે લોકોને વધુને વધુ નુકસાન ભોગવવાના દિવસો આવ્ હતા. પરંતુ હવે અઢી વર્ષ માટે સ્થાઈ પ્રમુખ આવતાં લોકોને નવીન આશા બંધાઈ છે અને આ અંગે પણ પ્રમુખ આશાબેન પટેલે જણાવ્યું હતું કે આજથી ધાનેરાના તમામ વોર્ડની મુલાકાત લેવાની શરૂઆત કરીશ અને લોકોને જે મુશ્કેલીી છે તે બાબતે જલદીને જલદી સમસ્યાઓ ઉકેલવા માટે મારા પ્રયત્નો રહેશે અને નગરપાલિકાના કામમાં પણ સાથ સહકાર આપે તે વધારે સારું રહેશે અને કોઈપણ સમસ્યા હોય તો તે ફોન કરીને સમસ્યાઓ પણ જણાવશે તો જલદી સમસ્યાો હલ થશે.

(તસવીર : ભરત પરમાર, ધાનેરા)



## ધાનેરાની નેનાવા ચેકપોસ્ટ પરથી દારુ ભરેલી કાર સાથે બે ઈસમો ઝડપાયા

ધાનેરા, તા. ૧

ધાનેરાના નેનાવા ગામ પાસેની ચેકપોસ્ટ પર વાહન ચેકીંગ દરમિયાન રાજસ્થાન તરફથી આવતી મારુતી ગાડીની તપાસ કરતાં તેમાંથી બીયરની ૨૪૦ બોટલો મળી આવતાં ગાડીમાં બેઠેલા બન્ને ઈસમોને જેલના હવાલે કર્યા હતા.

રાજસ્થાન સરહદે આવેલ ચેકપોસ્ટો ઉપર સઘન વાહન ચેકીંગ રાખવામાં આવેલ છે. મંગળવારે વહેલી સવારે ધાનેરા પી.આઈ. એસ. ડી. પટેલ તથા નેનાવા ચેકપોસ્ટના જમાદાર ભગવાનપુરી અને કોન્સ્ટેબલ પ્રકાશભાઈ સાથે વાહન ચેકીંગ દરમિયાન રાજસ્થાન તરફથી આવતી મારુતી ૮૦૦ ગાડી નં. જીજે-૧-એચ-એફ-૯૭૩૯ વાળાને ઉભો રાખી તપાસ હાથ ધરતાં તેમાંથી બીયરની બોટલો દેખાતા ગાડી સાઈડમાં કરાવી બન્ને ઈસમોને પકડી લીધા હતા અને તપાસ દરમિયાન તેમાંથી બીયરની ૧૦ પેટીમાં ૨૪૦ નંગ બીયર ટીન મળી આવ્યા હતા અને તેમને ધાનેરા પોલીસ મથકે લાવી ધાનેરા પોલીસ મથકે (૧) કાળુરામ વિરમારામ જાટ (રહે. ડાબલી, તા. સાયલા, જિ. ઝાલોર તથા (૨) અશોક બુધારામ જાટ (રહે. ચાંચવા, તા. સાયલા, જિ. જાલોર) વાળા સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દુધરવાડાના યુવાને ૫૦૦૦થી વધુ સાપ પકડી જંગલમાં સલામત છોડ્યા

મોડાસા, તા. ૧

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના દુધરવાડા ગામના ૧૩ વર્ષની ઉંમરે જ કુતુહલવશ થઈને ધો.૫માં અભ્યાસ કરતો હતો ત્યારે ઘરની બાજુમાં નિકળેલા સાપને હાથથી પકડી લીધો હતો. ત્યારથી આ યુવાનના મનમાંથી સર્પ પ્રત્યેનો ભય દૂર થઈ ગયો હતો. ખેતરોમાં અને રહેણાંક વિસ્તારોમાં નીકળતા સાપ પકડવાનો શોખ જીવદયામાં પરીવર્તીત થઈ ગયો હતો. યુવાને અત્યાર સુધી ૫ હજારથી વધુ સાપ પકડીને જંગલમાં સલામત રીતે છોડી મુક્યા છે.

હિન્દુ-સમાજમાં ફેણધારી સાપને આસ્થા સાથે જોડી ભગવાન તરીકે પુંજવામાં આવે છે. શ્રાવણ માસમાં નાગપંચમીના દિવસે હિન્દુ લોકો દ્વારા નાગદેવતાની પૂજા અર્ચના કરવાની સાથે ખેતરમાં અને રહેણાંક વિસ્તારોમાં નાગદેવતાને દૂધ પીવડાવવા કટોરીમાં મુકી દેવામાં આવે છે. કેટલાક લોકો સાપના દંશના ઝેરથી નહિ પણ ડંશની ગભરામણથી મૃત્યુ પામે છે. ત્યારે દુધરવાડા ગામના જયેશભાઈ હર્ષદરાય ભટ્ટ (ઉં.વ. ૩૬)ના જણાવ્યા અનુસાર મોડાસા પંથક અને દુધરવાડા ગામના સીમાડા કે લોકોના ઘરોમાં સાપ દેખાય કે તરત જ તેમને બોલાવી લેવામાં આવે છે. જયેશભાઈ સાપને પકડીને જંગલમાં છોડી આવે છે. ૧૩ વર્ષની નાની ઉંમરથી મોડાસા પંથકમાં અને આઈટીઆઈ અમદાવાદ અભ્યાસ દરમિયાન ૫ હજારથી વધુ સાપને પકડ્યા છે. આમ સાપ અને ખેડૂતો, પ્રજાજનોની જીવની સલામતી રાખવાનું અનોખુ સેવા કાર્ય કરવામાં આવતા બ્રહ્મસમાજના યુવાનને લોકો ૧૦૮ જીવદયાપ્રેમી તરીકે ઓળખે છે. જયેશભાઈ સર્પ નિકળવાની જાણ થયાની સાથે જ દિવસ હોય કે રાત્રી તરત જ સાપ પકડવા જણાવેલ સ્થળે પહોંચી જાય છે. ખેતરોમાં નિકળતા સાપોથી ભયભીત ખેડૂતોને જયેશભાઈએ ખેતીકામમાં ઝેરી સાપ જેવા જાનવર સામે ભયમુક્ત બનાવ્યા છે.

જયેશભાઈ દ્વારા સાપ પકડવાની સાથે સાથે સાપ જોડે નાના બાળક જેવો પ્રેમ કરે છે અને રમાડતા જોઈ લોકો મોંમા આંગળા નાખી દે છે. જયેશભાઈએ ખરચિતરો, કાળોતરો, કિંગ કોબ્રા, ધામણ, આંધણીચાકરણ, કોબ્રા જેવા ૫૦૦૦થી વધુ ઝેરી અને બિનઝેરી સાપોને પકડીને જંગલમાં સલામત રીતે છોડી મુક્યા છે. અત્યાર સુધી આટલા બધા સર્પો પકડ્યા હોવા છતાં સાપ તેમને કરડ્યો નથી. શ્રાવણ મહિનો આ બ્રહ્મસમાજના યુવાન દ્વારા રોજના ૨ થી ૩ સાપને બચાવીને જંગલમાં છોડી મુકવામાં આવે છે.



(તસવીર : જય અમીન, મોડાસા)

# અણિયોડની યુવતીને સાસરીયાઓએ દહેજ મામલે કાઢી મુકતા આઠ વિરૂધ્ધ ફરિયાદ

હિંમતનગર, તા.૧

તલોદ તાલુકાના અણિયોડ ગામની એક યુવતીને તેણીના સાસરીયાઓએ દહેજ મામલે શારીરિક અને માનસિક ત્રાસ આપી કાઢી મુકતા આ યુવતીએ મંગળવારે આઠ સાસરીયા વિરૂધ્ધ તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની વિગત એવી છે કે અણિયોડ ગામના જયંતિલાલ નાથાલાલ પટેલની પુત્રી એકતાના રજીસ્ટર લગ્ન ધીરૂભાઈ મણીભાઈ પટેલના સુરતમાં રહેતા ભાણીયા અજીતભાઈ સાથે કરાયા હતા. ત્યારબાદ એકતાને વિદેશ મોકલવા માટે પાસપોર્ટના બહાને તેના સસરા કનુભાઈ પટેલે પિયરમાંથી રૂા.૫ લાખ ધંધ માટે લાવવા સાસુ, નણંદ,સસરા અને નણદોઈ સહિત આઠ જણાએ દબાણ કર્યુ હતું.

ઓછામાં પુરૂ એકતાના ૧૦ તોલા દાગીના પણ સાસરીયાઓએ વેચી દીધા હતા તથા શારીરિકમાનસિક ત્રાસ આપી છુટાછેડા લેવા માટે મારઝૂડ કરવામાં આવતી હતી. જેથી એકતાબેને પિતાના ઘરે આવી પતિ, સસરા, સાસુ મંજુલાબેન, નણંદ અર્ચનાબેન, તૃજ્ઞિબેન, નણદોઈ હિતેષકુમાર, બાયડ રહેતા ધીરૂભાઈ પટેલ, તેમના પત્નિ નીરૂબેન પટેલ વિરૂધ્ધ મંગળવારે તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## સીમલાભૂજમાં બળદની ચોરી કરાતા ચાર વિરૂધ્ધ ફરિયાદ

હિંમતનગર, તા.૧

પોશીના તાલુકાના સીમલાભૂજ ગામે રહેતા એક ખેડૂતના બળદની ચોરી કરી ચાર શખ્સોએ રૂા.૫ હજારનું નુકશાન કર્યાની ફરિયાદ સોમવારે પોશીના પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી. સીમલાભૂજ ગામના વીરુબેન દાનાભાઈ ગમારના ઘરે બાંધેલ એક બળદની બાબુભાઈ ફાગણાભાઈ ગમાર, નેતાભાઈ જગમાલભાઈ ગમાર, રેશ્માભાઈ ડેબાભાઈ ગમાર અને ફુલાભાઈ જોગાભાઈ પરમારે ચોરી કરી લઈ ગયા હતા તથા રૂા.૫ હજારનું પણ નુકશાન કર્યુ હતું. વીરુબેન ગમારે ચાર જણા વિરૂધ્ધ પોશીના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# ઘાસ માટે મરતી ગાયોને બચાવશે કોણ... ?

## ગોવાળોએ સરકારની સાથે - સાથે ધર્મપ્રેમી જનતાને પણ અપીલ કરી

ધાનેરા, તા. ૧

હિન્દુ ધર્મમાં ગાયને માતાનો દરજ્જો આપવામાં આવ્યો છે અને આપણી માતા કહેવાતી હજારો ગાયો આજે ઘાસ માટે મોતને ભેટી રહી છે ત્યારે આ સરકાર આ વાત માટે આંખ આડા કાન કરી રહી છે ત્યારે મરતી ગાયોને બચાવવા માટે ગોવાળોએ સરકારની સાથે - સાથે ધર્મપ્રેમી જનતાને પણ અપીલ કરી રહ્યા છે.



વાત છે બનાસકાંઠા જિલ્લામાં આવેલા ડીસા તાલુકાના ટેટોડા ગૌશાળાની કે જ્યાં થોડા દિવસ અગાઉ આ ગૌશાળામાં પૂરનું પાણી ઘુસી જતા પાણી હજારો ગાયોની સાથે - સાથે ગાયોનો ઘાસચારો પણ પાણીમાં તણી ગયો હતો અને હજારો ગાયો મોતને ભેટી હતી. ત્યારબાદ હવે આ ગૌશાળામાં ૩૭૦૦ ગાયો બચી છે. ગાયો તો બચી છે પણ ગાયોને ખાવા માટે ઘાસચારો નથી બચ્યો માટે આ બચેલી ગાયો ઘાસ માટે વલખા મારી રહી છે. આ ઘનટાની જાણ તંત્રને થતાં તંત્ર ગૌળાની મુલાકાતે આવ્યું અને ગોવાળોને આશ્વાસન પણ આપ્યું પણ ત્યાં જો મોટી જરૂર છે તો ઘાસની છે પણ તંત્ર દ્વારા આ ગાયોને હજુ સુધી કોી જ ઘાસની સગવડ ન કરતા લોકોનો રોષ તંત્ર સામે ભભૂકી ઉઠ્યો છે. બનાસકાંઠા જિલ્લાના સામાન્ય ખેડૂતો ગાયોને ઘાસ માટે પોતાની યથાશક્તિ પ્રમાણે દાન કરી રહ્યા છે પણ ગાયોને પૂરતું ઘાસ નથી મળતું ત્યારે ગૌશાળાના ગોવાળો દ્વારા તંત્રને વારંવાર રજૂઆત કરવામાં આવે છે કે અમને ઘાસ આપો અમારી ગાયો મરી રહી છે તો પણ નઘરોળ તંત્ર આ લોકોની વાત સાંભળવા તૈયાર નથી ત્યારે હવે આ ગોવાળો લોકોને અપીલ કરી રહ્યા છે કે તમે પણ યથાશક્તિ પ્રમાણે ઘાસનું દાન કરી મરતી ગાયોને બચાવો.